પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૩૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૫-૦૨-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 139 PRICE :-RS. 1.50 DATE : 05-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હોસ્ટેલમાં SOPનું પાલન કરવાનું રહેશે

# રાજ્યભરમાં સોમવારથી કોલેજોમાં પ્રથમ વર્ષનું શૈક્ષણિક કાર્ય કરાશે શરૂ

ગાંધીનગર,

કોરોના સંકટના કારણે રાજ્યની શાળા અને કોલેજો બંધ હતી. પરંતુ હવે કોરોનાના કેસમાં સતત નોંધપાત્ર ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેને લઈને શાળા અને કોલેજો ફરી શરૂ થઈ રહી છે. ત્યારે હવે કોલેજમાં પ્રથમ વર્ષના વર્ગો શરૂ કરાશે. જોકે શાળા-કોલેજોમાં કોવિડ ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. રાજ્ય સરકારે



મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યમાં ૮ ફેબ્રુઆરીથી કોલેજમાં પ્રથમ વર્ષના વર્ગો શરૂ કરવામાં આવશે. સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવાનું રહેશે. તો સાથે હોસ્ટેલમાં પણ એસઓપીનું પાલન કરવાનું રહેશે. હોસ્ટેલના એક રૂમમાં બે થી વધુ વિદ્યાર્થીઓ સાથે નહીં રહી શકે.

૧ ફેબ્રુઆરીથી રાજ્યમાં ધોરણ-૯ અને ૧૧ના વર્ગ શરૂ કરાયા હતા. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિત રાજ્યની શાળાઓમાં કોવિડ ગાઈડલાઈનનું પાલન કરી વર્ગ શરૂ કરાયા હતા. જેમાં બાળકોની સુરક્ષાને લઈને પણ ખાસ ધ્યાન રખાઈ રહ્યું છે. ધોરણ-૯ના અંદાજે ૯થી ૧૦ લાખ અને ધોરણ ૧૧ના અંદાજે ૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ છે. અગાઉ ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ ક્લાસ શરૂ કરવા મંજૂરી અપાઈ છે. જોકે ધોરણ ૬થી ૮ના વર્ગો શરૂ કરવા માટે વિચારણા ચાલુ છે.

તમામ સ્કૂલો બંધ હતી. પરંતુ હવે કોરોનાના કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેને લઈ સ્કૂલો ફરી શરૂ થઈ રહી છે. સ્કૂલોએ કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું . સ્કૂલ સંચાલકોએ વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર માપીને પ્રવેશ આપવાનો રહેશે. સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે જો વર્ગખંડ નાનો પડે તો લાઈબ્રેરી કે લેબોરેટરીનો પણ ઉપયોગ કરી શકાય છે.

## હોસ્ટેલ અંગેની SOP જાહેર કરવામાં આવી

- હોસ્ટેલમાં રહેતા તમામ વિદ્યાર્થીઓનું થર્મલ સ્ક્રિનિંગ સુનિશ્ચિત કરવાનું રહેશે.
- જમવાના રૂમમાં/કિચનમાં પૂરેપૂરી સ્વચ્છતા જાળવવાની રહેશે.
- વધારે ભીડને ટાળીને. નાના સમૂહોમાં ભોજન પીરસવું જોઇશે. વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે રૂમમાં ભોજનની વ્યવસ્થા સરળ અને વિનાવિલંબે ઉપલબ્ધ થઈ શકે તે રીતે ગોઠવણ કરવાની રહેશે.
- હોસ્ટેલના કેમ્પસમાં કોઇ ભીડ ન થાય તે રીતે આયોજન કરવાનું રહેશે અને તે માટે વિદ્યાર્થીઓની સંખ્યાને યોગ્ય રીતે મર્યાદિત કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીઓને તબક્કાવાર બોલાવવાના રહેશે.
- વિદ્યાર્થીઓ હોસ્ટેલ કેમ્પસમાં સ્વયં-શિસ્ત અને કોવિડ સંબંધિત કાળજીભર્યા વર્તનનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.
- વિદ્યાર્થીઓએ નિયમિત અને યોગ્ય રીતે હાથની સ્વચ્છતા જાળવવી, સામાજિક અંતર જાળવવું, આંખ, નાક અને મોંને સ્પર્શ કરવાનું ટાળવું, હંમેશા ફેસ માસ્ક પહેરવુંનું પાલન કરવાનું રહેશે.
- હોસ્ટેલના દરેક ફલોર પર સેનિટાઇઝર આપવાના રહેશે તથા વિદ્યાર્થીઓ/ સ્ટાફ સાથે વસ્તુઓની આપ-લે કર્યા પછી, દિવાલો, દરવાજા, દરવાજાના હેન્ડલ, સીડીની રેલીંગ, સ્વીચો વગેરે જેવી સપાટીઓને સ્પર્શ કર્યા પછી સેનિટાઇઝરનો ઉપયોગ કરવો હિતાવહ છે.કોવિડથી સાવચેતીના ભાગ રૂપે સ્વ-શિસ્તની બાબત તરીકે વોશરૂમનો ઉપયોગ કરતી વખતે પણ સામાજિક અંતરનાં ધોરણોનું પાલન અપેક્ષિત છે.કોરિડોરમાં સામાજિક અંતર જાળવવું જોઇએ, કોઇ વિદ્યાર્થીઓના મેળાવડાની મંજૂરી આપી શકાશે નહી.
- હોસ્ટેલ બિલ્ડીંગના કોઇપણ ભાગમાં ભેગા થવાની મંજૂરી આપવાની નથી અને વિદ્યાર્થીઓએ પણ ગ્રુપમાં મળવાનું ટાળવું જોઇએ.
- હોસ્ટેલની બહાર અને હોસ્ટેલના બગીચામાં, વિદ્યાર્થીઓએ ભેગા થવાનું અથવા ગ્રુપમાં બેસવાનું ટાળવું જોઇએ.
- તમામ પ્રકારની રમતો જેમાં શારીરિક સ્પર્શ થઇ શકે તેવી રમતોને રમવાની મંજૂરી નથી, કેમ્પસમાં જિમ સુવિધા પણ બંધ રહેશે.
- ભોજનાલયમાં સંપૂર્ણ કોવિડ-૧૯ નિયમોના પાલનની ખાતરી કરવા માટે સ્લોટ-આધારિત કૂપન સિસ્ટમ દાખલ કરવું હિતાવહ છે.
- ભોજનાલયના હોલમાં અને રસોઇઘરમાં ફરજ પરના કર્મચારીઓને દરરોજ તેમની ફરજ શરૂ કરતા પહેલા આરોગ્યની સ્થિતિ માટે તપાસવામાં આવશે અને ફરજ દરમિયાન ફેસ-માસ્ક, હેડકવર અને હેન્ડ ગ્લોવ્ઝ ફરિજયાત રાખવાના રહેશે.
- ભોજનાલયનો સ્ટાફને પણ સામાજિક અંતરનું પાલન કરવું પડશે.સપાટીઓ અને ફલોરની સફાઇ માટે ફુડ ગ્રેડ ડીસઈનફેકટસનો ઉપયોગ કરવો.
- શાકભાજી કે અન્ય ખાદ્ય પદાર્થોને ધોવા માટે કોઇ બ્લીચ, વોશિંગ સોડા, ડીટરજન્ટ પાવડરનો ઉપયોગ ન કરવો.
- તાજા શાકભાજી અને અન્ય ખાદ્ય પદાર્થોને કાપતા પહેલા ગરમ પાણીથી ધોવાના રહેશે.વિદ્યાર્થીઓને સ્વ-શિસ્તતા રાખવા અને જમાવા માટે ડાઈનિંગ હોલની અંદર ભીડ કરવાનું ટાળવા પ્રોત્સાહન આપવું.
- વારંવાર ઉપયોગમાં લેવાતા વોટરરૂમના પોઇંટ્સ અત્યંત સંવેદનશીલ હોવાથી તેને સ્પર્શ કરતા પહેલા અથવા પછી હાથની સ્વચ્છતામાં સાવચેતી રાખવી જરૂરી છે.
- હાથ દ્વારા ઓછામાં ઓછું સ્પર્શ થાય એ સુનિશ્ચિત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી.માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને લાઇન પ્રણાલીનું યોગ્ય રીતે પાલન કરવું.
- રસોડા, ડાઈનિંગ હોલ, બાથરૂમ અને શૌચાલયો વગેરેમાં સ્વચ્છતાની સ્થિતિનું નિયમિત નિરીક્ષણ કરવું જોઇએ. વાસણો યોગ્ય રીતે સાફ થાય તે જોવાનું રહેશે.
- તાજુ ભોજન રાંધવામાં આવે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે તેથી એક સિનિયર કર્મચારીએ તેનું મોનિટરીંગ કરવાનું રહેશે.
- શંકાસ્પદ કેસોની જાણ કરવીઃ તાવ અને ઉધરસ અને શ્વાસની તકલીફ ધરાવતા કોઇ પણ વ્યકિતનો પ્રવેશ અટકાવવો, આવા કિસ્સાઓમાં સંબંધિત વિભાગને જાણ કરવી ફરજિયાત રહેશે.
- આવા વ્યકિતને તરત જ નજીકની ક્વોરેન્ટીન સુવિધા ખાતે અથવા નજીકની કોવિડ હોસ્પિટલમાં લઇ જવાના રહેશે.
- દરેકને પોતાની પાણીની બોટલ લાવવા અને જનરલ પાણીની બોટલ/મગ/ ગ્લાસનો ઉપયોગ ટાળવા પ્રોત્સાહિત કરવા.
- દરેક સંસ્થાએ નિયમિતપણે તેના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને કર્મચારીઓના આરોગ્યની દેખરેખ રાખવી જોઇએ.
- સ્ટાફ અને વિદ્યાર્થીઓએ પણ તેમના સ્વાસ્થ્યની સ્વ-દેખરેખ રાખવા માટે તકેદારી લેવી.કોઇ સ્ટાફ અને વિદ્યાર્થીને અથવા તેમના કુટુંબના સભ્યોમાંથી કોઇને ચેપ લાગ્યો હોય/ કોવિડ-૧૯ની સારવાર મળી હોય તે સ્વેચ્છાએ તેની પણ કરવી જોઇશે.
- માંદગી/આરોગ્યના કોઇ પણ લક્ષણોના કિસ્સામાં કાર્યકારી સ્ટાફને ક્લિનિકલ સારવાર માટે નજીકની કોવિડ સારવાર સુવિધામાં મોકલવાના રહેશે.
- કર્મચારીઓએ લંચ માટે તંત્ર દ્વારા આપવામાં આવેલ સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું સખત પાલન કરવાનું રહેશે અને સિકયુરિટી ગાર્ડ અને મેસ સ્ટાફ દ્વારા ડાઈનિંગ હોલમાં વિદ્યાર્થીઓની સંખ્યા પર નજર રાખવાની રહેશે.
- થર્મલ સ્કેનરો, સેનિટાઇઝર, વગેરેની પૂરતી વ્યવસ્થા રિસેપ્શન એરિયા સહિતના તમામ એન્ટ્રી અને એકઝીટ પોઇન્ટ પર ઉપલબ્ધ કરાવવાની રહેશે.
- હોસ્ટેલ કેમ્પસની એન્ટ્રી/એકઝીટ પર લાઇનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે ગેટ પર ૬ ફુટના અંતર સાથે ચોક્કસ નિશાનો બનાવવા અને તેનુંપાલન કરવું.
- જો સંસ્થામાં એન્ટ્રી/એકઝીટ માટે એક કરતા વધુ ગેટ હોય તો ભીડ ન થાય તે માટે તમામ ગેટનો પૂરતી કાળજી સાથે ઉપયોગ કરવો.
- વિદ્યાર્થીઓ, સ્ટાફ અને કર્મચારીઓની સ્ક્રીનંગ, ફેસ માસ્ક પહેરીને, હાથનું સેનિટાઈઝિંગ વગેરે દરેક પ્રવેશ સ્થળોએ સુનિશ્ચિત કરવું આવશ્યક છે.
- તાવ, ખાંસી અથવા શ્વાસ લેવામાં તકલીફના લક્ષણો ધરાવતા લોકોને અંદર પ્રવેશવાની મંજૂરી આપવી નહીં.
- રાજ્ય સરકારે કોલેજોના પ્રથમ વર્ષના શૈક્ષણિક કાર્ય માટે વર્ગખંડો શરૂ કરવા સાથે હોસ્ટેલ્સનો પણ આવાસ-નિવાસ હેતુથી પુનઃ ઉપયોગ કરવા.
- આ જે SOP શિક્ષણ વિભાગે જારી કરી છે તેનું પાલન અવશ્યપણે કરવા શિક્ષણ અગ્ર સચિવે અનુરોધ કર્યો છે.

## આદેશ છતાં સરકારી અધિકારી કામ ન કરે તો સસ્પેન્ડ કેમ નથી કરતા?

અમદાવાદ,

ઉચ્ચ તાલીમબદ્ધ ઘોડાઓના તબેલાના સ્થાન ફેરવવા મામલે થયેલી અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સરકાર અને સરકારી અધિકારીઓ સામે નારાજગી દર્શાવી હતી. ગત ઓગસ્ટ મહિનામાં હાઈકોર્ટે સરકારને કરેલા આદેશ બાદ પણ યોગ્ય પગલાં નહીં લેવાતા અને મુદત માગતા કોર્ટે સરકારને આડે હાથ લીધી હતી. ચીફ જસ્ટિસ વિક્રમનાથે સરકારી ઓફિસરોની કામ નહીં કરવાની આદતોને



ટપારતા એવી ટકોર કરી હતી કે, કોર્ટનો સમય વેડફાઈ રહ્યો છે. કોર્ટ આદેશ કરે છતાં સરકાર કેમ પગલાં નથી લેતી. તમારા અધિકારીઓ કામ ન કરે તો તેને સસ્પેન્ડ કેમ નથી કરી દેતા? તમારા ઓફિસરોને શું કરવું તેની ખબર ન પડતી હોય તો હોમ સેક્રેટરીને કહો કે આવા અધિકારીઓ સામે પગલાં લે. તમે એમને સાચવો છો શું કામ? સરકારને આ ટેવ પડી ગઈ છે.

ઘોડાઓને તાલીમ આપવા અને તેમને રાખવા માટે પ્રાણીઓને અનુકૂળ જગ્યા ફાળવવા મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. તેની સુનાવણી દરમિયાન સરકાર તરફે એમેન્ડમેન્ટ ફાઈલ કરવા સમય માગતા કોર્ટે સખત નારાજગી દર્શાવી હતી. કોર્ટે સરકારને જવાબ રજૂ કરવા માત્ર ૨૪ કલાકનો સમય આપ્યો છે. સરકારી અધિકારીઓ કોર્ટ ઓફસિરના આદેશને હળવાશથી લેવાની વૃતિ સુધારશે નહીં તો તમારે સાંભળવું પડશે. તમે દરેક વાતની જવાબદારી કેમ લો છો? તમારા અધિકારીઓ તમને ગાંઠતા નથી? તેમના નોનસેન્સ વર્તન સામે કેમ પગલાં લેતાં નથી.આ કેસમાં કોર્ટે સમાધાન કરાવવા બે વર્ષની મહેનત કરી તેના પર સરકારી અધિકારીઓની બેદરકારીએ પાણી ફેરવી દીધું.

## LPG ગેસમાં ૨૫ રૂપિયાના વધારા બાદ પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં થયો વધારો



ન્યુ દિલ્હી,

ઘણા દિવસ સુધી કિંમત સ્થિર રહ્યાં બાદ ઓઈલ કંપનીઝ દ્વારા પેટ્રોલ અને ડિઝલમાં કિંમતોમાં ફરી વધારો ઝીંકવામાં આવ્યો છે. પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં ૩૫-૩૫ પૈસા પ્રતિ લીટરનો વધારો કરાયો છે. દિલ્હીમાં પેટ્રોલ ૮૬.૬૫ રૂપિયા લીટર થઈ ગયો છે. આ સાથે જ એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ ૨૫ રૂપિયાનો વધારો કરાયો છે. બજેટમાં પેટ્રોલ અને ડિઝલ પર કૃષિ સેસ લગાવવામાં આવ્યો છે, જોકે સરકારે સ્પષ્ટતા કરી હતી કે, તેની અસર લોકો પર થશે નહીં. ઈન્ડિયન ઓઈલના ગ્રાહકોએ ૧૪ કિ.ગ્રા.ના નૉન સબસિડી ઘરેલુ ગેસ સિલિન્ડર માટે વધારે કિંમત ચૂકવવી પડશે. એલપીજી સિલિન્ડરની કિંમત ૨૫ રૂપિયા વધારવામાં આવી છે.

જેથી દિલ્હીમાં ૭૧૯ રૂપિયા પ્રતિ સિલિન્ડર, મુંબઈમાં ૭૧૦ અને ચેન્નાઈમાં ૭૩૫ રૂપિયા થશે. ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલ સતત મજબૂત થઈ રહ્યું છે, પરંતુ ભારતીય બાસ્કેટમાં જે ક્રૂડ ઓઈલ આવે છે તેની પર ઈન્ટરનેશનલ કિંમતોની અસર ૨૦-૨૫ દિવસ બાદ જોવા મળે છે. મુંબઈમાં પેટ્રોલ ૯૩.૨૦ રૂપિયા અને ડિઝલ ૮૩.૬૭ રૂપિયા લીટર, ચેન્નાઈમાં પેટ્રોલ ૮૯.૧૩ અને ડિઝલ ૮૨.૦૪ રૂપિયાએ પહોંચ્યું. ચેન્નાઈમાં પેટ્રોલ ૮૯.૧૩ રૂપિયા અને ડિઝલ ૮૨.૦૪ રૂપિયા તથા કોલકાતામાં પેટ્રોલ ૮૮.૦૧ રૂપિયા અને ડિઝલ ૮૦.૪૧ રૂપિયા થઈ ગયું છે.

નવા વર્ષે પેટ્રોલ અને ડિઝલની કિંમતો સતત ભાવ વધારો કરવામા આવી રહ્યો છે. જેના કારણે સતત મોંઘવારી વધી રહી છે. માલ ભાડામાં વધારો થવાથી વસ્તુઓની કિંમતોમાં વધારો થઈ શકે છે. વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં પેટ્રોલ પર ૨.૫ રૂપિયા પ્રતિ લીટર અને ડિઝલ પર ૪ રૂપિયા પ્રતિ લીટર કૃષિ સેસ લગાવવાનો નિર્ણય લેવામા આવ્યો છે.

## ડ્રગ્સ માફિયા હવે કચ્છના બદલે બીજો કોઈ વિકલ્પ શોધી રહ્યાની ખબર

કચ્છ,

ગુજરાતમાં પાકિસ્તાનમાં બેસેલાં ડ્રગ્સ માફિયાઓ દ્વારા હેરોઈન અને ડ્રગ્સ ઘૂસાડવા માટે અનેક પ્રયાસો હાથ ધરાયા છે. અગાઉ કચ્છ ડ્રગ્સ માફિયાઓ માટે સ્વર્ગ સમાન હતું. પણ સેના દ્વારા કચ્છનું સઘન ચેકિંગ કરતાં અનેક કિલો ડ્રગ્સ ઝડપાયું છે. જેથી હવે ડ્રગ્સ માફિયા હવે કચ્છના બદલે બીજો કોઈ વિકલ્પ શોધી રહ્યા છે. અને હવે ખબર કે પોરબંદરના દરિયાકિનારે ડ્રગ્સ માફિયાઓએ ફરી નજર કરી છે. કચ્છ દરિયામાં સઘન ચેકીંગ અને એલર્ટ વધતાં પોરબંદર દરિયાને લેન્ડિંગ પોઈન્ટ બનાવવા માટે ડ્રગ્સ અને ડાયમંડ માફિયાઓ દ્વારા પોરબંદર દરિયા તરફ નજર કરવામાં આવી રહી છે.

૩ થી ૪ કંસાઈમેન્ટ પાકિસ્તાન અને આફ્રિકાથી પાર પાડવા તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. દેશભક્ત ડેન્ઝર ચાર્લીના સર્વેમાં આ ચોંકાવનારો ખુલાસો થયો છે. ૧૯૮૬થી ૧૯૯૨ સુધી પોરબંદરનો દરિયો દેશદ્રોહી માટે જીવિત હતો. ત્યાંથી રાજકોટ જિલ્લાના ગામ સુધી માલ પહોંચાડવામાં આવતો અને ત્યાંથી ઓર્ડર મુજબ ડિસ્પેચ કરવામાં આવતો હતો. હાલ આ દરિયા કાંઠો ફરી જીવિત કરવાની ફિરક્તમાં ડ્રગ્સ માફિયાઓ બેંઠા છે. પોરબંદરનું કન્સાઈન્ટમેન્ટ ધોરાજી જતું અને ત્યાંથી માંગ મુજબ ડિલિવર કરાતું હતું.

પોરબંદર જિલ્લાના આઠ બંદરો તેમજ દેવભૂમિ દ્વારકા તથા જામનગર જીલ્લા કાંઠાળ વિસ્તાર બાજ નજર રાખતા દેશીપ્રેમી પોરબંદરના ડેન્જર ચાર્લી દેવભૂમિ દ્વારકા-જામનગરના રોબર્ટ - રોઝીએ એકાદ વરસ આસપાસ ગર્ભીત ઈશારો સંયુકત સરવે દ્વારા કરેલ કે પોરબંદરનો જિલ્લાનો સમુદ્ર વિસ્તારના કિનારા સુમસામ જણાય છે. વાસ્તવમાં ગર્ભીત પ્રવૃતિ જીવંત રહ્યા છે. સમયની રાહ જોવાયા રહી છે. પરિસ્થિતિ બદલાત દેશદ્રોહી ગદાર પ્રવૃતિ કરનારનો સડવડાટ સમય આંતરે થતો રહે છે.

## સરકારનો કોરોનાથી ૧૬૨ ડોક્ટરોનાં મોતનો દાવો, આઈએમએએ ઉઠાવ્યા સવાલ

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સભામાં કોરોના વાયરસથી દેશમાં કુલ ૧૬૨ ડોકટર્સનાં મોતનાં આંકડા પર ચોંકી જતા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) એ દાવો કર્યો હતો કે મૃત્યુઆંક ૧૬૨ નહી પણ વધારે છે. આપને જણાવી દઈએ કે, આરોગ્ય રાજ્યમંત્રી (એમઓએસ) અશ્વિની કુમાર ચૌબેએ સંસદનાં ઉચ્ચ ગૃહને માહિતી આપી હતી કે, દેશમાં અત્યાર સુધીમાં ૧૬૨ ડોકટર્સ, ૧૦૭ નર્સ અને ૪૪ આશા વર્કર્સ કોવિડ-૧૯ વાયરસથી પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે. જ્યારે બીજી તરફ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) એ કહ્યું છે કે, દેશમાં કોવિડ-૧૯ ને કારણે ૭૩૪ ડોકટર્સે પોતાનો જીવ ગુમાવ્યો હતો.

આઈએમએ એ કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ રાજ્ય મંત્રી અશ્વિનીકુમાર ચૌબેને એક પત્ર લખીને જણાવ્યું છે કે, એસોસિએશનની પાસે ઉપલબ્ધ વિગતો અનુસાર મોતનો આંકડો સરકાર પાસે ઉપલબ્ધ આંકડાથી વધારે છે. હવે આઈએમએ એ કહ્યું હતું કે, કોરોના વાયરસને કારણે આજ સુધીમાં ૭૩૪ ડોકટર્સે જીવ ગુમાવ્યો છે, જેમાંથી ૪૩૧ સામાન્ય પ્રેક્ટિશનર છે.

હાર્દિક શ્રદ્ધાંજલી



ગોધરાથી સ્વ. વિજયકુમાર રસીકલાલ સોનીના જયશ્રીકૃષ્ણ મારો સુપુત્ર રોકી તા. 28/01/2021 ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. રોકી વિજયકુમાર સોની
સ્વ.તા.28/01/2021

સ્વ. વિજયભાઈ આર. સોની - ગં.સ્વ. ગીતાબેન વી. સોની
દિપકભાઈ આર. સોની - ગં.સ્વ. પૂજાબેન આર. સોની
મોહિત આર. સોની - સ્વ. અંકિતાબેન એમ. સોની
ચિ.દેવ રોકી સોની
સ્વ. દિનેશભાઈ કે. સોની (ફુવા) - ગીતાબેન ડી. સોની (ફોઈ)
ધીરેન ડી. સોની - હાર્દિક ડી. સોની - સ્નેહા હાર્દિક સોની
ભરતકુમાર કે. સોની (ફુવા) -પલ્લવીબેન બી. સોની (ફોઈ)
ચિ. ક્રિષ્ણા, કેશવી, ખુશી જયશ્રી કૃષ્ણ

## BOBના કરોડો ગ્રાહકો ૧ માર્ચથી નહીં કરી શકે નાણાની લેવડ-દેવડ

ન્યુ દિલ્હી,

જો તમારું પણ બેંક ઓફ બરોડામાં ખાતું છે તો આપના માટે આ મોટા સમાચાર છે. કેન્દ્ર સરકારે થોડા સમય પહેલા દેના બેંક અને વિજયા બેંકનું બીઓબીમાં મર્જર કરી દીધું હતું, ત્યારબાદ આ બેંકોના ગ્રાહક બેંક ઓફ બરોડાના ગ્રાહક બની ગયા હતા. પહેલી માર્ચ બાદથી બેંક પોતાના આઈએફએસસીકોડ માં ફેરફાર કરવા જઈ રહી છે.

તો તમે હવે ફટાફટ પોતાનો નવો આઈએફએસસીકોડ નોંધી લો નહીં તો ૧ માર્ચ ૨૦૨૧ બાદ તમે નાણા ટ્રાન્સફર નહીં કરી શકો. બેંકે જણાવ્યું કે પહેલી માર્ચ બાદ ગ્રાહકોને જૂના આઈએફએસસીકોડ કામ નહીં કરે. દેશની ત્રીજી સૌથી મોટી સરકારી બેંક, બેંક ઓફ બરોડાએ ટ્વીટ કરીને આ વિશે જાણકારી આપી છે. બેંકે ટ્વીટમાં લખ્યું છે કે, પ્રિય ગ્રાહકો કૃપયા ધ્યાન દો, ઈ-વિજયા અને ઈ-દેના આઈએફએસસીકોડ ૧ માર્ચ ૨૦૨૧થી બંધ થવા જઈ રહ્યા છે. ઈ-વિજયા અને દેના બેંકની શાખાઓ પરથી તમે નવા આઈએફએસસીકોડ પ્રાપ્ત કરી લો. ચરણોનું પાલન કરો અને સુવિધાઓનો અનુભવ લો.

જો તમે આઈએફએસસીકોડને લઈ કોઈ મુશ્કેલી અનુભવી રહ્યા છો તો તમે ૧૮૦૦ ૨૫૮ ૧૭૦૦ આ ટોલ ફ્રી નંબર પર કૉલ કરી શકો છો કે પછી તમે બેંકની બ્રાન્ચ પર પણ વિઝિટ કરી શકો છો. આ ઉપરાંત પંજાબ નેશનલ બેંકે પણ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે ઓરિએન્ટ્લ બેંક ઓફ કોમર્સ અને યૂનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાની જૂની ચેકબુક અને આઈએફએસસી/એમઆઈસીઆર કોડ માત્ર ૩૧ માર્ચ સુધી જ કામ કરશે. ત્યારબાદ આપને બેંકથી નવા કોડ અને ચેકબુક લેવા પડશે.

ગૃરૂકૃપા ટ્રેકટર (સોનાલીકા) માટે
૨૦ સેલ્સમેન (ભાઈઓ)
૦૨ રિસેપ્ટનિષ્ટ (બહેનોને અગ્રીમતા)
હાલોલ, કાલોલ, જાંબુઘોડા, શહેરા, લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, કડાણા માટે
ઈન્ટરવ્યુ તા.૦૬/૦૨/૨૦૨૧



અનુભવીને પ્રથમ પસંદગી ● આકર્ષક પગાર + ઈન્સેન્ટીવ
સંપર્ક: ૯૮૭૯૭૬૭૮૦૫/૮૩૨૦૦૭૮૧૯૨
ઈન્ટરવ્યુ સ્થળ : ગૃરૂકૃપા ટ્રેકટર, દાહોદ રોડ, વાવડી (બુ) ગોધરા.

# મહીસાગરમાં આજે ૦૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૦૬ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૦૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લા માં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રીઓએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાફમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૪૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૨૨૦૮૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૧૦ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૦ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૧ દર્દી હોમ આઇસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૭ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓકિસજન પર છે.

# સંતરામપુરના ભેણદરા પ્રા.શાળાના બાળકોને સ્વેટર અને નોટબુકનું વિતરણ કરાયું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરાપુર,
સંતરામપુર તાલુકાના ભેંણદરા પ્રાથમિક શાળામાં બાળકોને ગરમ સેટર અને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યો. સંતરામપુર તાલુકાના આવેલી ભેણદરા ગામે બાળકોને ગરમ સેટર નોટબુકનું વિતરણ કરવામાં આવેલું હતું. પ્રાથમિક શાળામાં બાળકોને આણંદના રાજેશભાઈ પટેલ તેમના વરદ્દ હસ્તે અને પ્રાથમિક શાળાના શિક્ષકો ના સહયોગથી વિતરણ કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમમાં અને બાળકોને પ્રોત્સાહન અને લાભ આપવા માટેનો સતત પ્રયાસ કરેલા હરીશભાઇ દરજીએ કામગીરી નિભાવી હતી.

# પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને ધ્યાનમાં લઈ ગોધરા ખાતે તાલીમ યોજાઈ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,
રાજયભરમાં જાહેર થયેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે ત્યારે જિલ્લા પંચાયત મતદાર મંડળના ચૂંટણી અધિકારીઓ, તાલુકા પંચાયત મતદાર મંડળના ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, તેમજ તમામ નાયબ મામલતદારઓ માટે ગોધરા ખાતે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોધરાના બીઆરજીએફ ભવન ખાતે યોજાયેલ આ તાલીમની મુલાકાત લઈ જિલ્લા કલેકટર અમિત અરોરાએ ઉપયોગી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે આ તાલીમ તાલુકા પંચાયત-જિલ્લા પંચાયતની ચૂંટણીઓ સાથે સંકળાયેલા દરેક કર્મચારીઓ-અધિકારીઓ ચૂંટણી પ્રક્રિયાના દરેક સૂક્ષ્મ પાસાથી અવગત થાય તે છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ, ન્યાયી અને મુક્ત રીતે પાર પડે તે માટે જરૂરી બાબતોની ચર્ચા કરતા તેમણે ઉમેદવારી પત્રોની ચકાસણી, કવોલિફિકેશન-ડિસ્કવોલિફિકેશન, સમરી ઈન્કવાયરી સહિતની સંકુલ બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું. દરેક તાલુકામાંથી ૩ માસ્ટર ટ્રેનર્સને જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયામાં જોડાયેલા કર્મચારીઓ-અધિકારીઓને તાલીમ આપવા પર ભાર મૂક્યો હતો. નિવાસી અધિક કલેક્ટર અને રાજ્ય ચૂંટણી આયોગના નોડલ અધિકારી એલ.બી.બાંભણિયાએ ઉપસ્થિતિ સૌને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ ઉમેદવારીપત્રો આપવા-ભરાયેલા પત્રોના સ્વીકાર, ઉમેદવારીપત્રોમાં વિગતોની ચકાસણી, ચૂંટણી પ્રતીકોની ફાળવણી, ચૂંટણી પ્રક્રિયામાં સંકળાયેલ સ્ટાફની તાલીમ, મતદાન મથકોની વ્યવસ્થા, ઈવીએમ હેન્ડલિંગ અગત્યની બાબતો અંગે સૂક્ષ્મ સમજણ આપી હતી. આ પ્રસંગે પ્રોબેશનરી આઈ.એ.એસ. રામ બુગલિયા, હાલોલ પ્રાંત અધિકારી એ. કે.ગૌતમ, શહેરા પ્રાંત અધિકારી જય બારોટ, પુરવઠા અધિકારી એન.બી.રાજપૂત સહિતના અધિકારીઓ-કર્મચારીઓ સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં કુલ ૧૨૪૩ મતદાન મથકો પર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત મતદાન હાથ ધરવા માટે તંત્ર દ્વારા વ્યાપક કવાયત હાથ ધરવામાં આવી છે.

# ગોધરાની કોટડા ગામે ડમ્પરની અડફેટમાં બાઈક ચાલકનું મોત

ગોધરા,
ગોધરા તાલુકાના કોટડા ગામ નજીક થી પસાર થતા બાઈક ચાલકને ડમ્પર ચાલકે અડફેટમાં લેતાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ સારવાર અર્થે ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ થવા પામી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કાંસુડી ગામે ચાંલ્લાના પ્રસંગમાં કાલોલ મેંદાપુરા ગામે રહેતા કિરણભાઈ સામંતભાઈ ડામોર આવ્યા હતા. પ્રસંગ બાદ સાળા સાથે બાઈક ઉપર ધોળાકુવા તરફ જઈ રહયા હતા. ત્યારે પુરઝડપે આવતા ડમ્પર ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લીધી હતી. જેને લઈ બાઈક ચાલક કિરણભાઈ ડામોરને ગંભીર ઈજાઓ થવા પામી હતી. તેઓને સારદાર અર્થે હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે અલ્કેશભાઈ ભીલ દ્વારા પોલીસ મથકે ડમ્પર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી.

# પંચમહાલ જીલ્લા ભાજપ IT અને સોશ્યલ મીડિયાની જીલ્લાની ટીમ જાહેર

ગોધરા,
પંચમહાલ જીલ્લા ભાજપ આઈ.ટી અને સોશ્યલ મીડિયાની જીલ્લાની ટીમ જાહેર કરી યુવાન ચેહરાઓને સ્થાન આપવામાં આવ્યું હતું.

ભારતીય જનતા પાર્ટી હમેશા એમના સાયબર યોદ્ધાઓ ની ટીમ ખુબ મજબુત રાખતી હોય છે અને એમાં નવી નવી પ્રતિભાઓને યોગ્ય સ્થાન આપવામાં આવતું હોય છે. ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની નિયુક્તિ બાદ સમગ્ર ગુજરાતમાં આઈ.ટી અને સોસીયલ મીડિયાની યુવા બ્રિગેડની નવી ટીમ ની રચના કરવા માં આવી. પ્રદેશ પ્રમુખની સુચના થી પંચમહાલ જીલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, જીલ્લા મહામંત્રી કુલદીપ સિંહ સોલંકી, મયંકભાઈ દેસાઈ અને ધવલભાઈ દેસાઈએ એક યુવા અને પ્રતિભાશાળી યુવાઓ ની ટીમની ગઈ કાલે જાહેરાત કરવામાં આવી. આઈ.ટી.ના જીલ્લાના કન્વીનર તરીકે કુંજભાઈ ત્રિવેદી, જીલ્લા સહ કન્વીનર તરીકે ધવલભાઈ સોલંકી, આશિષ બારિયા અને સોસીયલ મીડિયા માં કન્વીનર તરીકે રોનકભાઈ રાઠોડ,દર્શનભાઈ ઠક્કર, વત્સલભાઈ શાહ ની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી હતી.

# શહેરા પોલીસે સ્થાનિક સ્વરાજ ચુંટણીને લઈ સંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લીધી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને શહેરા પોલીસ મથકના પી.આઈ. દ્વારા તાલુકાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લેવામાં આવી હતી.

આગામી સમયમાં પંચમહાલ જિલ્લાના શહેરામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જેવી કે નગર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણી યોજાવા જઈ રહી છે. જેને લઈને તંત્ર દ્વારા પણ આ ચૂંટણીમાં કોઈ ચૂક ન રહી જાય તે માટે તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. સ્થાનિક પોલીસ મથકના પી.આઈ. એમ.આર.નકુમ દ્વારા તાલુકાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લેવામાં આવી રહી છે. અને સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. નગર અને તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલની રંગત જામવા સાથે પોતાને ટિકિટ મળે તે માટે અનેક પ્રયાસો કરી રહ્યા છે.

# લુણાવાડા તાલુકાના ખેડુતો ખેતરના ઉભા પાકને જંગલી પશુથી બચાવવા પ્લાસ્ટીકની લાઈન કરવાનો નુશકો અપનાવ્યો


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
લુણાવાડા તાલુકાના ગામડાઓમાં ખેડુતો પાક ભેલાણ થી પરેશાન થઈ રહ્યા છે. ખેતરમાં વાવણી કરેલ પાકો નીલ ગાયો અને ભૂંડ થી બચાવવા માટે અવનવા નુશકા અપનાવી રહ્યા છે. અગાઉ પાકને બચાવવા ખેતરના ફરતે સાડીઓની વાડ ખેડુતો કરતા હતા. તેમ છતાં જંગલી પુશઓ દ્વારા પાકનું ભેલાણ થતું હોવાથી ખેડુતોએ પ્લાસ્ટીક થેલીઓની લાઈન કરી રહ્યા છે.

લુણાવાડા તાલુકાના ગામડાઓમાં ખેડુતો મોંઘા ભાવના બિયારણ અને ખાતરનો ઉપયોગ પાક ઉગાડવા માટે કરતા હોય છે. આવા મોંઘાભાવના બિયારણોથી ઉભા થતા પાકનું જંગલ નીલ ગાયો અને ભૂંડો દ્વારા ભેલાણ કરીને નુકશાન કરતાં ધરતીપુત્રો પરેશાન થઈ રહ્યા છે. ખેડુતો ખેતરના ઉભા પાકને જંગલી નીલ ગાય અને ભૂંડો થી બચાવવા અગાઉ સાડીઓની વાડ ખેતરની આસપાસ કરતા હતા. તેમ છતાં નીલગાયો અને ભૂંડ દ્વારા પાકોનું ભેલાણ કરાઈ રહ્યું છે. ત્યારે હવે પાકને બચાવવા માટે ખેડુતો એ નવો નુશકો અપનાવ્યો છે. ખેડુતો દ્વારા ખેતરની ફરતે પ્લાસ્ટીની થેલીઓની લાઈન કરે છે. ખેડુતોનું કહેવું છે કે, પવન આવતાં પ્લાસ્ટીકની થેલીથી અવાસ થાય છે. જેને લઈ જંગલી પશુઓ ખેતરમાં આવી શકતા નથી.

# સંતરામપુર તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની ચુંટણીમાં ઉમેદવારી પસંદ કરવામાં રાજકીય પાર્ટીઓ મુંઝવણમાં

સંતરામપુર,
મહિસાગર જિલ્લાની જિલ્લા પંચાયતની ચૂંટણીનું જાહેરનામું બહાર પાડતા જ સંતરામપુર તાલુકાની આઠ જીલ્લા પંચાયત સામાન્ય અને બક્ષીપંચ હોવાના કારણે કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષો ઉમેદવાર પસંદ કરવા માટે મૂંઝવણમાં મુકાયા. સંતરામપુર તાલુકો ૧૦૦% ટ્રાયબલ હોવા છતાં ગુજરાત રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સંતરામપુર તાલુકાની એક પણ સીટ એસટીમાં ફાળવણી કરવામાં આવેલ નથી. સંતરામપુર તાલુકો સૌથી મોટો આદિવાસી વિસ્તાર હોવા છતાંય આ વિસ્તારમાં આઠ જિલ્લા પંચાયતમાં સૌથી વધારે ખેડાપા બટકવાડા બાબરોલ ગોઠીબડા ગાડીયા વગેરે તમામ જિલ્લા સીટ ઉપર દરેક જગ્યાએ સો ટકા આદિવાસી વિસ્તાર હોવા છતાંય આદિવાસી પોતાના મત વિસ્તારમાંથી આદિવાસી સીટ ઉપર ઉમેદવારી કરી શકતો નથી. કારણ કે, ચૂંટણીપંચ દ્વારા સામ્યા અને બક્ષીપંચની ઓપન રિઝર્વ સીટ હોવાના કારણે આજે બંને પક્ષોને ઉમેદવાર પસંદ કરવા માટે મૂંઝવણ ઊભી થઈ છે. હવે સંતરામપુર તાલુકાની જિલ્લા પંચાયત સંતરામપુર તાલુકાની આઠ સીટ ઉપર કોણ ઉમેદવારી નોંધાવશે અને કોણ દાવેદારી કરી રહી છે હજુ કોઈ પણ જગ્યાએ નક્કી થતું જ નથી સૌથી મોટો પ્રશ્ન એ છે કે આદિવાસી વિસ્તાર હોવા છતાંય આદિવાસી ઉમેદવારોની ઉમેદવારી કરી શકતા નથી. ચૂંટણીપંચના સમીકરણો બદલવાથી આદિવાસી વિસ્તારમાં નારાજગી વ્યક્ત કરી જોડાયેલી છે હવે કોણ ઉમેદવારી નોંધાવશે પ્રશ્ન ઉભો થયો છે.

# પંચમહાલ જિલ્લામાં આજે કોરોના સંક્રમણના નવા ૩ પોઝિટિવ કેસ

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આજે કોરોનાના કુલ ૦૩ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૦૪ દર્દીઓને રજા આપવામાં ગોધરા શહેરમાંથી ૦૨ કેસ અને હાલોલ ગ્રામ્યમાંથી ૦૧ કેસ મળી આવ્યો છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૮૮૭ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ

**- જિલ્લામાં કુલ ૨૩ સક્રિય કેસો રહ્યા.**
**- કુલ કેસનો આંક ૩૯૫૦થયો.**

આવતા હાલ જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૨૩ થવા પામી છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. આજે ૧૦૬૩ કેસ મળી આવ્યા છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૭૮૭ થવા પામી છે.

# ગોધરા તાલુકાના છારીઆ ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક યુવકનું મોત

ગોધરા,
ગોધરા તાલુકાના છારીઆ ગામે બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતની ઘટનામાં એક યુવકનું મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના છારીઆ ગામે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને બાઈક નંબર જીજે.૧૭.એકયુ.૦૯૫૮ને અથડાવી દીધી હતી. જેને લઈ બાઈક ચાલક મહેશભાઈ સરદારભાઈ પટેલને ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ પહોંચાડત આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે બાઈક ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.


અખીલ ભારત હિન્દુ મહાસભા ના રાષ્ટ્રીય મહામંત્રી, આચાર્ય વિજય પ્રકાશ માનવજી, તેમના એક દિવસના રોકાણ દરમિયાન, દિવસ દરમિયાન યોજાયેલા ૧૧/૦૯/૨૦૨૧ ના રાજ્ય સત્રના પ્રસંગે વેદમંદિર અમદાવાદને મળ્યા હતા. રાજ્ય પદાધિકારી દ્વારા સ્વાગત અને આગામી સત્ર વિશે ચર્ચાઓ યોજવામાં આવી હતી અને કાર્યક્રમ સફળ બનાવવા માટે તૈયારીઓ કરવામાં આવી હતી. જેમાં યુવા પ્રદેશ પ્રમુખ આશિષ પટેલ, પ્રદેશ પ્રમુખ મીતેશભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી પ્રદેશ ઉપાધ્યક્ષ હાજર રહ્યા હતા.

# દાહોદ શહેર સહિત જિલ્લાના બેન્ડ એસોસિયેસન દ્વારા બેન્ડ બાજા શરૂ કરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદન

દાહોદ,
દાહોદ શહેર સહિત જિલ્લા બેન્ડ એસોસિયેશન દ્વારા જિલ્લા કલેક્ટરને નર્મ અરજ કરી ને જણાવ્યું કે છેલ્લા ૧૨ મહિના થી બેન્ડ બાજાનું કામ બંધ રહેવાથી ઘર પરિવાર ચલાવવામાં મુશ્કેલી વેઠવી પડી રહીં છે.તેમજ બેન્ડ બાજાના વેપાર પર ૩૦૦૦ થી વધુ કામદારો પર જે નિંભય છે હવે ઘણા લાંબા સમય થી બેન્ડ બાજાનું કામ કરતા કામદારોને પણ ઘર પરિવાર ચલાવવામાં મુશ્કેલીયો વેઠવી પડી રહી છે. કોરોના મહામારીના કારણે સરકારી ગાઈડ લાઈન પ્રમાણે અમોએ બેન્ડ બાજા બંધ કરી સરકારી નિયમો નું પાલન કરેલ હાલ દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોનાના કેસો ના બરાબર આવે છે તેમજ કોરોનાના કેસોમાં જિલ્લામાં ઘટ જોવાતા દાહોદ શહેરમાં વેપાર વાણિજય માં પણ છૂટ છાટ આપ સાહેબ દ્વારા આપવામાં આવી છે. તેવામાં હમારા બેન્ડ બાજાનું વેપાર ને પણ શરૂ કરવાની પરમીસ આપવા વિનંતી સહિત નર્મ અરજ દાહોદ જિલ્લા બેન્ડ એસોસિયેશન દ્વારા કરી અને આપ સાહેબ બેન્ડ બાજા વગાડવાની વેપાર કરવાની આપ પરમિશન આપો તો આપના જાહેરનામાં અનુસાર તમામ જે સરકારી ગાઈડ લાઈન છે. પાલન કરવા બાંહેધરી આપી વિશ્વાસ અપાવી જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૫-૦૨-૨૦૨૧, શુક્રવાર, પોષ વદ-૭, સૂર્યોદય-૭-૨૬, સૂર્યાસ્ત-૬-૩૫, જૈન નવકારશી-૮-૧૫,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્ર: વિશાખા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૯ થી અભિજીત-૧૩-૨૩ સુધી ૭-૨૫-ચલ-લાભ-અમૃત-૧૧-૩૭ સુધી, ૧૩-૦૧ શુભ-૧૪-૨૫ સુધી, ૧૭-૧૩-ચલ-૧૮-૩૭ સુધી, ૨૧-૪૯-લાભ-૨૩-૨૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૫થી ૧૦-૧૩ સુધી, ૧૧-૦૯થી ૧૨-૦૫ સુધી, ૧૩-૫૭ થી ૧૬-૪૫ સુધી, ૧૭-૪૧ થી ૧૮-૩૭ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૦૫.૦૨.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ,લ,ઈ): ઘરના વડીલો સાથે થોડો સમય પસાર કરો. તેમનો આશીર્વાદ અને સહયોગ તમારા માટે ભાગ્યોદયકારક સાબિત થશે.

વૃષભ(બ,વ,ઉ): આજે કામની જગ્યાએ પોતાના વ્યક્તિગત તથા રસને લગતી ગતિવિધિઓમાં સમય પસાર કરો. આવું કરવાથી તમારી અંદર ફરી નવી ઊર્જાનો સંચાર થશે તથા રોજિંદાના થાકમાંથી પણ રાહત મળશે.

મિથુન(ક.છ.ઘ): માનસિક સુકૂન માટે કોઈ ધાર્મિક સ્થળમાં થોડો સમય પસાર કરો. બાળકોના કરિયરને લગતી કોઈ સમસ્યાનો ઉકેલ મળવાથી તણાવ દૂર થશે.

કર્ક(ડ,હ): અન્ય ઉપર નિર્ભર રહેવાની જગ્યાએ પોતાની ક્ષમતા અને યોગ્યતા ઉપર વિશ્વાસ કરો. તમારી અનેક પરેશાનીઓનો ઉકેલ તમે જાતે જ શોધી લેસો.

સિંહ(મ,ટ): આજે તમારા જીવનમાં કોઈ અજીબ ઘટના બની શકે છે. જેનો પોઝિટિવ પ્રભાવ તમારા વ્યક્તિત્વ ઉપર પડશે. તમારા સંબંધોમાં ગાઢ બનશે.

કન્યા(પ,ઠ,ણ): તમારું ભાગ્યની જગ્યાએ કર્મ ઉપર વધારે વિશ્વાસ કરવું તમને વધારે પોઝિટિવ બનાવી શકે છે. આ સમય શુભદાયક ગ્રહ સ્થિતિઓ બની રહી છે.

તુલા(ર.ત.): આજે ગ્રહ સ્થિતિ થોડી લાભદાયક પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહી છે. એટલે સમયનો ભરપૂર સહયોગ કરી લો. કોઈ જૂની સમસ્યાનો ઉકેલ મળવાથી ખૂબ જ વધારે સુકૂન અનુભવ કરશો.

વૃશ્ચિક(ન.ય.): આજે કોઈ મહત્ત્વપૂર્ણ સૂચના મળી શકે છે. આ સમયે મીડિયા તથા સંપર્ક સૂત્રોને લગતી ગતિવિધિઓ ઉપર તમારું વિશેષ ધ્યાન કેન્દ્રિત રાખો.

ધન(ભ,ધ,ફ,ઢ): આજનો દિવસ પારિવારિક તથા આર્થિક બંને દૃષ્ટિએ શુભ ફળદાયક રહેશે. થોડો સમય પોતાના માટે પણ કાઢો. આત્મ ચિંતન કરવાથી તમને ખૂબ જ વધારે માનિસક શાંતિનો અનુભવ થશે.

મકર(ખ.જ.): આજકાલ તમે જીવનના પોઝિટિવ દૃષ્ટિકોણને સમજવાની કોશિશ કરી રહ્યા છો, જે એક સારી સફળતા છે. આજે કોઈ અધ્યાત્મિક ગતિવિધિમાં તમારો વિશેષ રસ રહેશે અને તેમાં સમય પણ પસાર થશે.

કુંભ(ગ,સ,શ,ષ): કોઈ પારિવારિક વાદ-વિવાદ આજે પૂર્ણ થવાથી ઘરમાં સુકૂન અને શાંતિનું વાતાવરણ રહેશે. જેનાથી તમે તમારી વ્યક્તિગત ગતિવિધિઓ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરી શકશો.

મીન(દ,ચ,ઝ,થ): સામાજિક અને રાજનૈતિક ક્ષેત્રમાં તમારું વર્ચસ્વ વધશે. તમે ઊર્જા અને આત્મવિશ્વાસથી ભરપૂર રહેશો. કોઈપણ મુશ્કેલ કામને પોતાના પરિશ્રમ દ્વારા ઉકેલવાની ક્ષમતા રાખશો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકામાં તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીના ભાવી ઉમેદવારો માં પોતાની જીતની દાવેદારીનો દોર શરૂ

દાહોદ,
આગામી સમયમાં યોજાનાર તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીના પડઘમ શરૂ થઇ ચૂક્યા છે. જ્યારે ચૂંટણીમાં ઝંપલાવનાર ભાવિ ઉમેદવારો મા ચહલ પહલ શરૂ થઈ ચૂકી છે અને તાલુકા જિલ્લા પંચાયત ચુંટણીના સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવનાર ભાવિ ઉમેદવારો પોતાને જ ટિકિટ મળશેનુ નક્કી હોવાનું જણાવી પોતાને મત આપવા પ્રચાર કાર્ય પણ શરૂ કરી રહ્યા છે. જ્યારે મતદારો કોઈપણ પક્ષના ભાવિ ઉમેદવાર સાથે પોતાનો મત સાથે હોવાનું જણાવી રાજી કરી રહ્યા છે. જ્યારે ચૂંટણીમાં જ ઝંપલાવનાર કેટલાક ભાવિ ઉમેદવારો ટિકિટ મળશે તો લડીશુ, નહીતો નડીશુ જરૂર ની નીતિ અખત્યાર કરી પોતાના પક્ષને નડતરરૂપ થઈ શકે તેવા અણસાર પણ જણાઈ રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકામાં આગામી સમયમાં યોજાનાર ચૂંટણીમાં તાલુકા-જીલ્લા પંચાયતમાં તાલુકા પંચાયતની ૨૮ બેઠકો તથા જિલ્લા પંચાયતની ૬ બેઠકો માટે ૨૮ ફેબ્રુઆરી-૨૧ રોજ ચૂંટણી યોજાનાર છે. જેમાં હાલ તાલુકામાં ભાજપ, કોંગ્રેસ તથા બીટીપી સહિત અન્ય પક્ષો પોતાના ઉમેદવાર ચૂંટણી જંગમાં ઉભા રાખી શકે તેમ જણાઈ રહ્યું છે. જોકે ભાજપ તથા કોંગ્રેસ વચ્ચે સીધો ચૂંટણી જગ ખેલાશે. જ્યારે અન્ય પક્ષોના ઉમેદવાર ચૂંટણી જંગમાં ઝંપલાવશે તો તે બંને પક્ષોને નુકસાન જરૂર પહોંચાડશે તે બાબતને પણ નકારી શકાય તેમ નથી.જોકે હાલ કોંગ્રેસ-ભાજપ પક્ષમાંથી એક-એક સીટ માટે અનેક ઉમેદવારો ચૂંટણી જંગમાં ઝંપલાવવા થનગની રહ્યા છે. અને ચૂંટણી જંગમાં જે ભાવિ ઉમેદવારોની ટિકિટ વિના બાદબાકી થશે તે પૈકી કેટલાક ઉમેદવારો પોતાના પક્ષને અલવિદા કરી હરીફ પક્ષ સાથે હાથ મિલાવી જીત બાજુ લઈ જશે તેવું પણ જણાઈ રહ્યું છે.એકંદરે જોતા હાલની તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી રસાકસી ભરી રહેવાના અણસાર જણાઈ રહ્યા છે. ત્યારે વહીવટી તંત્રો એ હાલથીજ સજાગતા રાખવી જરૂરી જણાય છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, નવા નિયમો અનુસાર ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૬૦ વર્ષ વર્ષની મર્યાદા અને સતત ત્રણ ટર્મથી ચૂંટણી લડી ચૂકેલા દાવેદારોને ટિકિટ નહીં ફાળવવાવા અંગે નિર્ણય લેવાયો છે.પરંતુ ઉક્ત બાબત અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ નથી.પરંતુ તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીનું રણશિંગુ ફૂંકતા ઉમેદવારો થવા થનગની રહેલા ભાવિ ઉમેદવારો પોત પોતાના જૂથના નેતાઓ અને ગોડફાધરોના શરણે જઈ ટિકિટ મેળવવા થનગની રહ્યાં છે. તાલુકા- જિલ્લા પંચાયતની ચૂંટણીના ઉમેદવારો નક્કી થશે ત્યારબાદ જીતનો પ્રવાહ કયા પક્ષ તરફ વળાંક લેશે તે ચિત્ર સ્પષ્ટ થશે તેમ પણ જણાઈ રહ્યું છે.

# દાહોદ નગરપાલિકામાં પક્ષ પ્રમુખની ગાઇડલાઇન મુજબ ચૂંટણી લડવા થનગનતા મુરતીયાઓના સપના રોળાશે?

દાહોદ,
ગુજરાત બીજેપીના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે કડક સંદેશો આપતા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાઈ, ભત્રીજા,ભાણેજ,ત્રણ ટર્મ સુધી ચૂંટણી લડેલા તેમજ ૬૦ વર્ષ વટાવી ચૂકેલા આગેવાનોને ટિકિટ આપવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. જોકે દાહોદ જિલ્લાની વાત કરીયે તો દાહોદ જિલ્લામાં સગા સબંધીઓને ટિકિટ ફાળવણીમાં વર્ષોથી ચાલતી આવી છે. જોકે આ વખતે ઉપલા લેવલેથી પ્રદેશ પ્રમુખની ગાઇડલાઇનથી દાહોદ બીજેપી મોવડી મંડળ દ્વિધામાં પડી ગયું છે. દાહોદ નગરપાલિકાની વાત કરીયે તો વોર્ડ નં ૫ માં વિનોદ રાજગોર તેમજ વોર્ડ નં ૧ માં ગત ચૂંટણીમાં લખન રાજગોર બન્ને ભાઈઓએ ચૂંટણી લડી હતી. તેમજ બન્ને ભાઈઓ જીતી ગયા હતા. જોકે આ વખતે ગાઇડલાઇન અનુસાર તેમને ટિકિટ મળે છે.કે કેમ? તે હાલ કહેવું મુશ્કેલભર્યું છે.જયારે ત્રણ ટર્મની વાત કરીયે તો વોર્ડ નં ૩ માંથી કાઇદ ચૂનાવાલા ત્રણ ટર્મથી સુધરાઈ સભ્ય છે. ત્યારે વોર્ડ નં ૫ ની મહિલા સભ્ય પુષ્પાબેન ઠાકુર, વોર્ડ નં ૨ માંથી લતાબેન સોલંકી,વોર્ડ નં ૩ માં મહિલા સભ્ય રમીલાબેન ભુરીયા સહીતના સુધરાઈ સભ્ય છે. જોકે એમાં એક વખત ટિકિટ નં મળતા બગાવત કરી તેવા પણ સુધરાઈ સભ્ય આ પક્ષમાં હાલચૂંટણી જીતવા થનગની રહ્યા છે પોતાનો સ્વાર્થ નીકલી જય બાદમાં પુનઃ પક્ષમાં આવી જાય છે.

૬૦ પ્લસની વાત કરીએ તો હાલ તો કોઈ સભ્ય ૬૦ પ્લસમાં નથી પરંતુ વોર્ડ નંબર ૨ની મહિલા સભ્ય લતાબેન સોલંકીના પતિ તેમજ નિવૃત્ત બેંક કર્મી હીરાલાલ સોલંકીએ બીજેપીમાં ટીકીટની માંગણી કરી છે. ત્યારે બીજેપી પક્ષ પ્રમુખની ગાઈડલાઈન મુજબ સુધરાઈ સભ્યોની ટિકિટ કપાશે?કે પછી તેઓને પુનઃરિપીટ કરાશે તે મેન્ડેટ આવ્યા પછી જ બહાર આવશે જોકે આ બધા સંજોગોમાં પક્ષમાંથી પડતા મુકાયેલા ચૂંટણી લડવા માંગતા મુરતિયાઓ પક્ષ જોડે બગાવત કરી આ પક્ષમાં દાવેદારી નોંધાવશે કે કેમ? તે જોવું રહ્યું.

# દાહોદ પાલિકાની ચુંટણીમાં આમ પાર્ટીની એન્ટ્રી

દાહોદ,
આમ આદમી પાર્ટીની એન્ટ્રી સાથે દાહોદ પાલિકાની ચૂંટણી રસપ્રદ બની છે. ટિકિટ ફાળવણી મુદ્દે ભાજપની નવી ગાઈડ લાઈનથી જુનાજોગીઓ અવઢવમાં છે. ટીકીટ કપાય તો અપક્ષ ઉમેદવારી નોંધાવી પક્ષ સાથે બગાવત કરવાના મૂડમાં.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની જાહેરાતની સાથે આદર્શ આચારસંહિતા લાગુ થઇ છે. જે બાદ રાજકીય પક્ષો ચૂંટણીઓ લડવા કમર કસી ચૂંટણીની કામગીરીમાં જોતરાઈ ગયા છે. જોકે આ વખતે કોંગ્રેસ ભાજપના વિકલ્પના રૂપમાં આમ આદમી પાર્ટી તેમજ ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈતેહાદ મુસ્લિમ(AIMIM) પાર્ટીએ પણ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઝંપલાવતા આ વખતની ચૂંટણી રસપ્રદ રહેવાના આસાર દેખાઈ રહ્યા છે. ત્યારે રાજ્યના સત્તા પર બિરાજિત ભાજપ પણ સ્થાનિક ચૂંટણીઓમાં જલવંત વિજય હાંસલ કરવા પુરજોશમાં લાગી ગઈ છે. જોકે આ વખતે બીજેપી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે કેટલીક ગાઇડલાઇન જારી કરતા બીજેપીમાં અંદરો અંદર ભારે વિવાદ ઉભો થવા પામ્યો છે. ત્યારે દાહોદ જિલ્લામાં પણ પ્રદેશ અધ્યક્ષની ગાઇડલાઇન મુજબ કેટલાય જુના જોગીઓની ટિકિટ કપાવવાનો વારો આવ્યો છે. ત્યારે જુના જોગીઓને ટિકિટ ન મળવાના સ્વરૂપમાં પક્ષ જોડે બગાવત કરી અપક્ષમાં ઉમેદવારી નોંધાવશે?કે પક્ષને શિસ્ત રહેશે તે હાલ કહેવું મુશ્કેલ ભર્યું લાગી રહ્યું છે. જોકે આ વખતના સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં દાહોદ જિલ્લામાં ત્રિપાંખિયો જંગ જામવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

# દે.બારીયા નગરના બજારમાં ખરીદી કરવા ગયેલ સગીરાનું અપહરણ

દે.બારીયા,
દે.બારીયા નગરના બજારમાં ખરીદી કરવા આવેલ ધાનપુર તાલુકાના પીપોદરા ગામની પોણા ચૌદ વર્ષીય સગીરાને પત્ની તરીકે રાખવા માટે લીમખેડા તાલુકાના માંડલી ગામનો યુવાન પ્રેમના પાઠ ભણાવી, પટાવી, ફોસલાવી અપહરણ કરી લઈ ગયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસારધાનપુર તાલુકાના પીપોદરા ગામના ઝરીયા ફળીયામાં રહેતી ૧૩ વર્ષ ૯ માસની ઉંમરની એક સગીરા ગત તા.૧.૧.૨૦૨૧ના રોજ સવારના નવ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી દે.બારીયા બજારમાં ખરીદી કરવા જવા નીકળી હતી. તે વખતે દે.બારીયા બજારમાં આવેલ લીમખેડા તાલુકાના માંડલી ગામના નટવરભાઈ રમેશભાઈ પટેલીયાએ તે સગીરાને પત્ની તરીકે રાખવા પ્રેમના પાઠ ભણાવી, પટાવી,ફોસલાવી અપહરણ કરી લઈ ગયો હતો. સગીરા મોડે સુધી પરત ઘરે ન આવતા તેના માતા-પિતા ચિંતિત બન્યા હતા અને તેઓએ આજુબાજુના ગામોમાં તેમજ તેમના સગા-સંબંધીમા તેમની સગીર છોકરીની તપાસ કરાવતા તેનો કોઈ પત્તો લાગ્યો નહતો. પરંતુ જાણવા મળ્યું હતુ કે, માંડલી ગામનો નટવરભાઈ રમેશભાઈ પટેલીયા અપહરણ કરી લઈ ગયો હોવાની હકીકત જાણવા મળી હતી.

જેથી આ બાબતે સમાજ રાહે નિકાલની વાતચીત કરવા છતા આજદિન સુધી પોતાની સગીર વયરની છોકરી માંડલી ગામના નટવરભાઈ રમેશભાઈ પટેલીયાએ નહી સોપતા અપહૃત સગીરાના પિતાએ ધાનપુર પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વજેલાવ ખાતે પગાર કેન્દ્ર વજેલાવ માં આવેલ ભૂતવડ શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડા તથા તમામ સ્ટાફ કોવિડ રસીકરણમાં ભાગ લીધો હતો.

# દાહોદમાં વાસંતી વાયરાઓ વચ્ચે મહેમાન બન્યા છે હજારો નીલકંઠી પોપટ




દાહોદ,
દાહોદમાં જાન્યુઆરી મહિનો બેસે ને ફૂલગુલાબી ઠંડીનો માહોલ જામતો જાય તેમ વસંતના વધામણા કરવા જાણે પ્રકૃતિ રોજ નવા શણગાર સજવા લાગે છે. આ કુદરતના કાવ્યમાં પોતાના ગીત ઉમેરવા દાહોદમાં કેટલાંક મહેમાનોનું પણ શિયાળાનો ચાર્તુમાસ ગાળવા આગમન થાય છે. સંધ્યા સમયે કામની વ્યસતામાંથી પરવારી ઘરે જતા લોકોને પોતાના મીઠા કલબલાટથી ધ્યાન આકર્ષતા સૂડાઓ વૃક્ષોને ડાળે ડાળે જાણે નવા પાન ખીલી ઉઠયાં હોય એમ હજારોની સંખ્યામાં જોવા મળે છે.

પ્રકૃતિ મિત્ર મંડળના મેનેજીગ ટ્રસ્ટી અજય દેસાઈ જણાવે છે કે, ઈન્ડીયન રોઝરીંગ પારાકીટના નામે ઓળખાતાં પોપટો જેમને દેશી ભાષામાં સૂડા પણ કહેવામાં આવે છે તેમનું આગમન જાન્યુઆરીથી એપ્રિલ દરમિયાન દાહોદમાં જોવા મળે છે. મોટે ભાગે દક્ષિણ ભારતથી આ રમણીય પક્ષીઓ દાહોદમાં ચાર મહિના પોતાનો ઉતારો કરે છે. દાહોદના લીલાછમ ખેતરો અને ફૂડ પ્રોસેસીંગ યુનિટો મોટી સંખ્યામાં હોય અને અહીંનું કુદરતી વાતાવરણ આ ઋતુ દરમિયાન તેમને અનુકુળ હોય તેઓ જાન્યુઆરીથી એપ્રિલ માસ દરમિયાન સંધ્યા અને સવારે પોં ફાટવાના સમય સુધી અહીંના વૃક્ષો પર પોતાની ડેરો જમાવતા જોવા મળે છે.

સલૂણી સંધ્યા સમયે જ્યારે સૂર્ય હજુ આથમયો જ હોય છે ત્યારે આકાશ નીલકંઠી પક્ષીઓના આગમનથી ઢંકાવા લાગે છે. આકાશમાં તેમની સમૂહ ઉડાનો એક માણવા લાયક નજારો હોય છે. સાંજના આ સમયથી લઈને વહેલી સવારે જયારે આકાશમાં સૂર્ય હજૂ ઉગવાને જરા જેટલી વાર હોય ત્યારથી જ સૂડાઓ પ્રસ્થાન કરવા લાગે છે. સવારનો એ નજારો પણ દરેક સામાન્ય પ્રકૃતિપ્રેમીને આકર્ષે એવો હોય છે.

દાહોદના રાત્રી બજારમાં આવેલા વટવૃક્ષ અને ગરમાળાના ઝાડમાં આ સૂડાઓ નાઈટહોલ્ટ કરે છે. જેને રૂસ્ટિંગ એટલે કે સામૂહિક નિવાસ કહેવામાં આવે છે. આ ઉપરાંત સર્કીટ હાઉસનાં કંમ્પાઉન્ડમાં આવેલા વિવિધ વૃક્ષોમાં સૂડલા રાતવાસો કરવા આવે છે. સર્કીટ હાઉસના કંમ્પાઉન્ડમાં ચામાચીડિયાની સંખ્યાઓ પણ નોંધપાત્ર છે. અજય દેસાઈ કહે છે, દાહોદમાં આ પારાકીટ ઉપરાંત હંસ સહિતના વિદેશી પક્ષીઓ પણ શિયાળુ ટુરિસ્ટ વિઝા લઈને છાબ તળાવ સહિતના જળાશયોમાં નિવાસ કરે છે. જેને પક્ષીપ્રેમીઓ હરખભેર વધાવે છે.

# દાહોદમાં ટ્રેનો ચાલુ કરવા ઓટો રીક્ષા ડ્રાઈવર યુનિયન દ્વારા સાસંદને લેખિત રજુઆત

દાહોદ,
જયારથી કોરોના વૈશ્વિક મહામારીનો સીલસીલો શરૂ થયો હતો. ત્યારથી આજદિન સુધી દાહોદ જિલ્લાવાસીઓ માટે જીવાદોરી સમાન મેમુ અને ડેમુ ટ્રેનો બંધ છે. મુસાફરોને આ બંન્ને ટ્રેનો બંધ રહેવાના કારણે ભારે હાલાકીનો સામનો પણ કરવો પડી રહ્યો છે અને ખાસ કરીને રીક્ષા ચાલકોનું ગુજરાન જે ચાલતું હતું. તે આ ટ્રેનો બંધ થઈ જવાના કારણે અને મુસાફરોની અવર જવર ન થતાં ઓટો રીક્ષા ચાલકોને પણ પોતાનુ ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. ત્યારે પરિસ્થિતીની ગંભીરતાને ધ્યાનમાં રાખી આજરોજ દાહોદ ઓટો રીક્ષા ડ્રાઈવર યુનિયન દ્વારા દાહોદના સાસંદને લેખિત રજુઆત કરી જણાવાયું છે કે, છેલ્લા ઘણા સમયતી કોરોના વૈશ્વિર મહામારીમાં નવ માસથી રોજગાર વગર તેઓનું ઘરઘથ્થુ સામાન્ય જીવન જીવી તેઓ આ ટ્રેનો પર ચાલતા હોય છે. ઘરમાં રોજી રોટી ચાલુ થાય, ધંધામાં સરકારની ગાઈડલાઈન મુજબ જયા સુધી કોવિડ -૧૯ને ધ્યાનમાં રાખી તેઓ સાવધાની સાથે નિયમોનું પાલન કરશે તેમ પણ જણાવાયું છે. બે રાજ્યનું છેલ્લે મથક દાહોદ હોય મધ્યપ્રદેશ અને ગુજરાતની નજીકમાં રાજસ્થાન હોય આ ટ્રેનોમાં આવતા જતાં મુસાફરોને વહન કરવાની ચાલતી પ્રક્રિયા અચાનક બંધ થતા આની માઠી અસર ઓટો રીક્ષા ચાલકોના રોજગાર ધંધા પડી છે. વધુમાં તેઓ દ્વારા જણાવાયા અનુસાર, સુરત અને વડોદરા ચાલુ થઈ છે. તેમ દાહોદની ભૌગોલિક પરિસ્થિત જોઈ આ ટ્રેનો તાત્કાલિક ચાલતી કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી.

# ઝાલોદ તાલુકાના લીમડી ગામેથી પાર્ક કરેલ ટ્રેક્ટર ચોરાયું

દાહોદ,
ઝાલોદ તાલુકાના લીમડી ગામના હરીજનવાસની સામે ખુલ્લી જગ્યામાં ત્રાટકેલ બાઈકચોરો ટોળકીએ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ રૂપિયા અઢી લાખની કિંમતનું ટ્રેક્ટરની ચોરી કર્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગત તા.૩૧મી જાન્યુઆરીની રાતે ઝાલોદ તાલુકાના લીમડી ગામની હરિજનવાસની સામેની ખુલ્લી જગ્યામાં વાહન ચોર ટોળકી ત્રાટકી હતી અને હરિજનવાસની સામેની ખુલ્લી જગ્યામાં મુકી રાખેલ કારઠ ગામના દિનેશભાઈ મોતીભાઈ નીનામાનું રૂા.૨,૫૦,૦૦૦ની કિંમતનું જીજે ૨૦ એન ૫૮૪૮ નંબરનું ટ્રેક્ટર ચોરીને લઈ ગયા હતા.

આ સંબંધે ટ્રેક્ટર માલિક કારઠ ગામના દિનેશભાઈ મોતીભાઈ નિનામાએ નોંધાવેલ ફરીયાદને આધારે લીમડી પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા પંચાયતના ડેપ્યુટી DDOએ કોરોનાની વેક્સિન લીધી




દાહોદ,
દાહોદ જિલ્લા પંચાયતના ડેપ્યુટી ડી.ડી.ઓ. નયના પાટડીયાએ આજ રોજ દાહોદની ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ ખાતે કોરોનાની વેક્સિન લીધી હતી. જિલ્લા પંચાયતના કર્મચારીઓને કોરોના વાયરસથી સુરક્ષિત કરવા માટે ચાલી રહેલા રસીકરણના બીજા તબક્કાનું તેમણે નેતૃત્વ કર્યું હતું.

આ તકે તેમણે જણાવ્યું કે, કોરોના વેક્સિન લેવી ખૂબ જરૂરી છે. આ વેક્સિનથી કોઈએ પણ ભયભીત થવાની જરૂર નથી કે ખોટી અફવાઓ પણ ધ્યાને લેવી નહી. સૌએ કોરોનાની વેક્સિન લઈને કોરોના સામે સુરક્ષિત થઈ જવું જોઈએ. જેનો પોતાનો વારો આવ્યેથી વેક્સિન લઈ લેવી. જે બે ડોઝમાં આપવામાં આવે છે. જિલ્લા પંચાયતના કર્મચારીઓએ કોઈ પણ ભય રાખ્યા વિના કોરોનાની રસી લેવી જોઈએ.




દાહોદ નગરમાં પાલિકા આવેલા એમ.જી. રોડ વિસ્તારની એક દુકાનમાં કોઈ કારણોસર આગ લાગી હતી. પરંતુ પાલિકાની ફાયર બ્રિગેડના કર્મચારીઓ તાત્કાલીક પહોચી જઈને આગ બુઝાવવાનું કાર્ય કરતા હાશકારો વ્યાપ્યો હતો.

# ધાનપુર તાલુકા પંચાયતમાં BJP અને કોંગ્રેસમાં ઉમેદવારો શોધવા ઉજાગરા

ધાનપુર,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં ભાજપ-કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉમેદવારો શોધવામાં પગના તળિયા તોડે આવી પરિસ્થિતિ સર્જાઈ છે.

ધાનપુર તાલુકામાં મોટાભાગના નેતાઓ વર્ષોથી પકડ જમાવી બેઠેલા કેટલાક નેતાઓની સીટ અનામતમાં પરીવર્તન થતાં હવે તેમની જગ્યાએ અન્ય ઉમેદવારો આવશે તે નકકી છે. ત્યારે અનામત બેઠક જાહેર થતાં સ્થાનિક કક્ષાએ મતદારો પર પકડ જમાવી બેઠેલા નેતાઓને ઘરે બેસવાનો વારો આવ્યો છે. હાલ સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની તાડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં મોટાભાગના જુના કાર્યકર્તાઓને પછડાતા ધાનપુર તાલુકામાં આગામી આવનાર તાલુકા જિલ્લા પંચાયતની ચુંટણીના ઉમેદવાર શોધવા માટે ભાજપ-કોંગ્રેસ પોતપોતાના કાર્યકર્તાઓ ધમપછાડા કરતા જોવા મળી રહ્યા છે.

ત્યારે દાહોદ જિલ્લામાં ધાનપુર તાલુકો ભાજપનો ગઢ માનવામાં આવે છે ત્યારે હાલ આવનારી સ્થાન્કિ સ્વરાજ્યની ચુંટણીમાં તાલુકા જિલ્લાની સીટોનુ જાહેરનામુ બહાર પડતા ધાનપુર તાલુકાની જિલ્લા પંચાયતની પાંચ સીટો અને તાલુકા પંચાયતની ચોવીસ સીટો પર ફેરફાર થતાં તાલુકાના તમામ હોદ્દેદારોમા ફફડાટ મચી જવા પામ્યો છે. આ વખતની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં કેટલાંક હોદ્દેદારોમાં નારાજગી જોવા મળે છે. ત્યારે કેટલાંક લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

હાલ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં તાલુકા જિલ્લાના તમામ નવા મુરતીયાઓમાં કોને ટિકીટ આપવી તે ચર્ચાએ જોર પકડયુ છે. ત્યારે ધાનપુર તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં કેવા પરિણામ આવશે તે હાલ કહેવુ મુશ્કેલી ભર્યુ છે.

# ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી કરાશે

દાહોદ,
રાજ્ય સરકાર દ્વારા તા.૧૬/૦૨/૨૦૧૧ થી ૧૬/૦૫/૨૦૨૧ સુધીના ૯૦ દિવસ દરમ્યાન લઘુતમ ટેકાનાં ભાવે ખરીફ માર્કેટીંગ સિઝન ૨૦૨૦-૨૧ માટે પ્રતિ કિવન્ટલ (૧૦૦ કિ.ગ્રા) રૂ.૩૦૦૦/- ના ભાવે કેન્દ્ર સરકારનાં નકકી થયેલા ધારા ધોરણ મુજબ ચણા અને રાયડો રૂ. ૪૬૫૦ના ભાવે ખરીદવામાં આવશે. જેથી ખેડૂત ભાઈઓએ તેમનાં ચાલુ વર્ષનાં ૭/૧૨ તેમજ ૮-અ ના ઉતારા તથા પાસબુકની નકલ, કેન્સલ ચેકની નકલ સાથે ગ્રામ કક્ષાએ વી.સી.ઈ.(ગ્રામ પંચાયત કચેરી) એ.પી.એમ.સી કેન્દ્ર ખાતે ૧૫/૦૨/૨૦૨૧ સુધી ખરીદીનાં ભાગરૂપે ઓનલાઈન એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન કરાવવા નીચે મુજબ તાલુકાનાં ગોડાઉન મેનેજરનો સંપર્ક કરવાનો રહેશે. ખરીદ કેન્દ્રોના કોન્ટેકટ નંબર આ પ્રમાણે છે. સરકારી અનાજ ગોડાઉન, દેવગઢ બારીયા ૬૩૫૯૯૪૬૧૦૧, સરકારી અનાજ ગોડાઉન, લીમખેડા/સિંગવડ ૬૩૫૯૯૪૬૦૫૩, સરકારી અનાજ ગોડાઉન ફતેપુરા ૬૩૫૯૯૪૬૧૦૩, સરકારી ગોડાઉન ધાનપુર ૬૩૫૯૯૪૬૧૦૨, દાહોદ.

# લીમખેડાના ઢઢેલા ગામે આંગણામાંથી ક્રુઝર ગાડી ચોરાઈ

લીખેડા,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ઢઢેલા ગામે સ્ટેશન ફરીયાદમાં ત્રાટક્લા વાહનચોરો રાત્રીના સમયે એક ઘરના આંગણામાં પાર્ક કરેલ રૂપિયા ૮૦,૦૦૦ની કિંમતની ક્રુઝર ગાડી ચોરીને લઈગયાનુંજાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર લીમખેડા તાલુકાના ઢઢેલા ગામે સ્ટેશન ફરીયામાં ગત તા.૨૯.૧.૨૦૨૧ના રોજ રાત્રીના સમયે વાહનચોરો ત્રાટક્યા હતા અને સ્ટેશન ફળીયામાં રહેતા વિજયકુમાર રતનસીંગભાઈ રાવતની તેમના ઘરના આંગણામાં પાર્ક કરેલ જીજે ૦૭ બી એન ૨૦૭૭ નંબરની રૂપિયા ૮૦,૦૦૦ની કિંમતની ક્રુઝર ગાડી ચોરીને લઈ ગયા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 139

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## મોદી સરકારે દિલ્હી-મુંબઈના વિકાસના માટે

# કાલોલ તાલુકાના ખેડુતોની મહામૂલી જમીન સંપાદન કર્યા બાદ વળતર માટે ઠાગાઠૈયા





- કાલોલના ભાદરોલી, કાનોડ, ભાટપુરા ગામના ખેડૂતોની જમીન સંપાદન કરાઈ.
- યોગ્ય વળતર આપવાની ખાતરી છતાં હજુએ સહાય પુરી પડાઈ નથી.
- જમીન વિહોણા બનતા ખેડુતો આર્થિક રીતે અન્યાય અનુભવી રહ્યા છે.
- મોટી સંખ્યામાં ખેડૂતો જમીનનું વળતર ન મળતા ખેડુતો ની હાલત કફોડી બની.

ગોધરા,
પંચમહાલના ગૌરવરૂપ ગણાતા એવા દિલ્હી–મુંબઈ નેશનલ ગ્રીન કોરિડોર નિર્માણ થઈ રહ્યો છે. જેમાં પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ભાદરોલી, કાનોડ, ભાટપુરા ગામના ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવી હતી. જે તે સમયે સરકાર દ્વારા યોગ્ય વળતર આપવાની ખાતરી આપ્યાના લાંબો સમય વિતવા છતાં હજુ સુધી કોઈ નાણાંકીય સહાય પુરી ન પાડતા આવા જમીન વિહોણા બનતા ખેડુતો આર્થિક રીતે અન્યાય અનુભવી રહ્યા છે. મોટી સંખ્યામાં ખેડૂતો જમીનનું વળતર ન મળતા ખેડુતો ની હાલત કફોડી બની છે.

ભારત સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલા ભારત માલા પ્રોજેક્ટ અંતર્ગત દિલ્હી – મુંબઈ નેશનલ ગ્રીન કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે. જે માટે પંચમહાલ જિલ્લામાંથી પસાર થતા આ કોરિડોર માટે જમીન સંપાદન કરવામાં આવેલ છે. તે માટે ગોધરા, કાલોલ, હાલોલ સહિતના વિસ્તારોમાંથી આ માર્ગ પસાર થવાનો હોવાને લઈને કેન્દ્રીય માર્ગ વિભાગ દ્વારા જમીન પસંદગી કરવામાં આવીને નકશો મંજુર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ દેશની ધરોહર ગણાતા બોમ્બે–દિલ્હીના માર્ગને આલ્ફાટન માફક રસ્તો બનાવવાની નેમ રાખી છે. કારણ કે, આ બે કેન્દ્રો વચ્ચે આર્થિક અને રાજકીય રીતે મહત્વના કેન્દ્રો છે. આ બે કેન્દ્રો વચ્ચે જોડતા રસ્તાનું નામ ગ્રીન કોરીડોર રાખવામાં આવ્યું છે. જેના ભાગરૂપ પંચમહાલ માંથી આ રસ્તો પસાર થતો હોવાને લઈને અગાઉ સર્વે વિભાગ દ્વારા જમીન ગુમાવનાર ખેડુતોને યોગ્ય વળતર આપવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ પરિવાર ઉપર્જીત ગણાતી અને પરિવારના મોભીઓ દ્વારા વંશ પરંપરાગત રીતે ભેટ ગણવામાં આવતી આ જમીનનો ઉપયોગ ખેતીલક્ષી કરવામાં આવતો હતો. અને ખેતી માંથી ઉત્પન્ન થતી પેદાશ થતી પાક માંથી પોતાનું આર્થિક જીવન ધોરણ ગુજારી રહ્યા હતા. વંશ પરંપરાગત અને આર્થિક ઉપાર્જન માટે ગણાતી આ ખેતીલક્ષી જમીન રસ્તાના નિર્માણ માટે સરકારને આપવામાં આવતાં અનેક વિરોધ વંટોળ ઉભા થયા હતા. કિંમતી જમીન ગુમાવતા અને પોતાના માથે છત્રછાયા ન હોય અને આર્થિક આવકનું કોઈ સાધન ન હોવાથી એકમાત્ર આ જમીન અગત્યની ગણીને બજાર ઉપરાંત બે ગણો ભાવ આપવાની માંગ કરવામાં આવી હતી. ખેડુતો દ્વારા સરકારની ખાતરી મુજબ ભાવ આપવાની માંગણી કરવા છતાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી હતી. જેના કારણે છેલ્લા ત્રણ–ચાર વર્ષથી ખેડુતોની હાલત મહામૂલી જમીન ગુમાવતા કપરી બની હતી. કાયદાકીય લડત બાદ ચુકાદા તથા સરકારના ફેરબદલ થયેલા ચુકાદા બાદ કેન્દ્ર સરકારે ખેડુતોને માંગણી માન્ય રાખીને યોગ્ય વળતર આપવાનું જાહેર કરવામાં આવતાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. પરંતુ ત્રણ–ત્રણ વર્ષ ઉપરાંતનો લાંબો સમય વિતવા છતાં જમીનના વળતરની રકમ ન મળતા ખેડૂતોની હાલત કફોડી બની છે. જેમાં કાલોલ તાલુકાના કાનોડ, ભાટપુરા, ભાદરોલી સહીત ગામોના ૧૦૦ થી વધુ ખેડૂતોની જમીન સંપાદિત કરવામાં આવી છે. જે ખેડૂતોને વળતરની રકમ ન મળતા ખેડૂતો ની હાલત ન ઘરના ન ઘાટના જેવી બનવા પામી છે. ખેતી ઉપર જીવન નિર્વાહ કરતા ખેડૂતોની હાલત કફોડી બની છે. કાલોલ તાલુકામાંથી પસાર થતા આ કોરિડોર માટે સંપદાન કરવામાં આવેલી જમીનનું વળતરની નોટિસ જમીનના મૂળ માલિકની જગ્યાએ અન્યને થમાવી દેવાતા મૂળ જમીનના માલિક મુંઝવણમાં મુકાયા છે . હાઈવે ઓથોરિટી દ્વારા ખેડૂતોને વળતર આકારણીની નોટીસમાં વળતરની રકમ પણ ઓછી આકારવામાં આવી છે. જેને લઈને પણ ખેડૂતો પોતાનો વિરોધ નોંધાઈ રહ્યો છે. આ વિસ્તાર ના કેટલાક ખેડૂતોની જમીન જાહેરનામામાં દર્શાવ્યા કરતા વધુ જમીન અધિગ્રહણ કરવામાં આવી હોવાનો પણ આક્ષેપ ખેડૂતો લગાવી રહ્યા છે.

### નોટીસમાં છબરડા થી ખેડુતો ચિંતીત

કેન્દ્ર સરકારની મહત્વકાક્ષી આર્થિક કોરિડોર ગણાતી મુંબઈ-દિલ્હીના અદ્યતન માર્ગ નિર્માણ કરવા માટે જમીન પસંદગી કરવામાં આવી છે. ત્યારબાદ સર્વે વિભાગ તથા અન્ય એજન્સીઓએ પોતાની જમીનનો ભોગ આપનાર ખેડુતોની ખાતરી કરી નથી. માત્ર કોમ્પ્યુટરના કાગળ પર વહેવાર થતા ખેડુતોને અન્યાય થઈ રહ્યો છે. સર્વે બાદની અને મળવાપાત્ર વળતર અંગેની નોટીસ ઉલટસુલટ થઈ છે. સર્વે નંબર તથા મૂળ માલિકના નામ અને આંકડામાં છબરડા સર્જાઈ રહ્યા છે. જેથી સુધારો કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ગરીબ ખેડુતોને નુકશાન થવાનું ચિંતા વ્યકત થઈ રહી છે.

### આજીવિકા ગુમાવતા ખેડુતો જાય તો જાયે ક્યા ?

આ અનેક પ્રશ્નો હાલ સર્જાતા ખેડૂતો રજુઆત કરે તો કોને કરે એવી સ્થિતિનું નિર્માણ થઈ છે. ત્યારે હાલ આ વિસ્તારના ખેડૂતો સરકાર વિરૂદ્ધ સૂત્રોચાર કરી પોતાનો રોષ ઠાલવી રહ્યા છે અને સરકાર પાસે જમીન વળતર ની રકમ ઝડપી મળી રહે તેવી માંગ કરી રહ્યા છે. વિકાસની ગાથા અને ચમક વચ્ચે માત્ર ખેતી પર નિર્ભર આ વિસ્તાર ના ખેડૂતોના પરિવારનું જીવન અંધકારમાં ધકેલાયું છે. આજીવિકા ગુમાવી બેઠલા ધરતીપુત્રો પોતાની અરજ લઈ ને જાય તો જાયે ક્યાં તેવી સ્થિતિમાં મુકાયા છે. ત્યારે સ્થાનિક વહીવટી તંત્ર આ મામલે ગંભીરતા દાખવે અને ખેડૂતોને તેમની જમીનનું પુરે પૂરૂ વળતર વહેલી તકે મળે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

## લાંબા સમય બાદ ગોધરા શહેરના કલાલ દરવાજાનો રંગબેરંગી ફુવારો કાર્યરત



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

### બાળકો સહિત જીલ્લાભરના મુલાકાતીઓ માણતા મનોરંજન

ગોધરા,
ગોધરા શહેરના કલાલ દરવાજા એવા મધ્યમાં શહેરની શોભા વધારતા ફુવારો ઘણા વર્ષોથી બંધ હાલતમાં હતો પરંતુ હવે ચુંટણી જાહેર થતા સભ્યો અને આચાર સંહિતા વચ્ચે તંત્ર એ કરેલી કામગીરીના પગલે લોકોમાં ઉદ્દભવેલ થનગનાટ વચ્ચે પોતાના વિકાસના કાર્યોનો પ્રદર્શન કરી રહ્યા છે. બંધ હાલતમાં ભાષતો ફુવારો કાર્યરત રહેતા અનેક ભૂલકાંઓ મનોરંજન માણવા પહોંચી રહ્યા છે.

ગોધરા શહેર પંચમહાલ માટે પાટનગર કહેવામાં આવે છે. અહીં રેલ્વે, કોલેજ, યુનિવર્સીટી, બાગ–બગીચા, શૈક્ષણિક સંસ્થાઓ સહિતની શહેરી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવતાં દિન–પ્રતિદિન ગોધરા શહેર આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. એક સમયે ગોધરા શહેરના મધ્યમાં આવેલ તળાવ રોડ વિસ્તાર એકઆકર્ષણનું કેન્દ્ર રહેવાથી પંચમહાલવાસસીઓ પણ અહીં હરવા ફરવા માટે આતુર રહેતા હતા. જે તે સમયે ગોધરા નગર પાલિકામાં પ્રમુખ પદે શોભામાન થયેલ પ્રથમ ભાજપા પ્રમુખ ગોપાલસિંહ સોલંકી દ્વારા ગોધરા શહેર કે જે પંચમહાલ, દાહોદ વચ્ચે મહત્વનો વેપારી મથક ગણવામાં આવતું હોવાથી અહીં પ્રવાસીઓને તથા મુલાકાતીઓને સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી ફુવારાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જે તે સમયે ગુજરાતના પાટનગરમાં પણ ગણતરીના એકાદ બે ફુવારા નિર્માણ થયા હતા. તેવા સમયે લોક સુવિધા તથા બાળ મનોરંજનને ધ્યાને રાખીને ગોધરા નગર પાલિકા એ સૌ પ્રથમ નગર પાલિકા વિસ્તારમાં રંગબેરંગી ફુવારા ગોઠવવાનું આયોજન કરીને શહેરના મધ્યમાં આવેલ કલાલ દરવાજા વચ્ચે કમળ આકારમાં ફુવારો નિર્માણ કરવામાં આવ્યો હતો. અનેક તકલીફો અને બાંધકામ દ્રષ્ટિ એ ફુવારો ઉભો કર્યા બાદ લોકોને મનોરંજન મળવાની સાથે પોતાની ફુરસદની પળો અહીં ગાળતા હોવાથી નમતી સાંજે લોક ટોળા જામતા હતા. હાલના દાહોદ, પંચમહાલ જીલ્લાના વિવિધ અંતરીયાળ વિસ્તારોમાંથી પણ આ રંગબેરંગી ફુવારાની મજા માણવા માટે પહોંચતા હતા. જાણે કે રોજીંદો મેળો જામતો હોય તેવો માહોલ સર્જાઈને આસપાસના વહેપારીઓ પણ આનંદીત થઈ રહ્યા હતા. એટલું જ નહીં ગોધરાવાસીઓ પણ આવું નઝરાણું મળવાનું ગર્વ અનુભવી રહ્યા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કેટલાક કારણોસર આ ફુવારો બંધ હાલતમાં હોવાના કારણે પણ ગોધરા શહેરના ગૌરવને ઝાંખપ પહોંચી હતી. અને લોકો પણ અહીં ફુવારાની મઝા માણવા માટે ટાળી રહ્યા હતા. કેટલાક સમય પૂર્વે ફુવારાનું રંગરોગાણ સાથે કેટલીક સુવિધાઓ ઉભી કરવાની સાથે ફુવારો કાર્યરત કરવામાં આવ્યો છે. અગાઉ જાણે આચાર સંહિતા હોય તેમ ફુવારો બંધ હાલતમાં હતો. પરંતુ હાલમા આચાર સંહિતા નગર પાલિકાની ચુંટણીને અનુલક્ષીને શરૂ થતાં લાગુ પડે છે. તેવા સમયે એકાએક જાણે ફુવારા સ્વયંભૂ ફુટી નિકળ્યા હોય તેમ જોવા મળે છે. હાલમાં, ચારેકોર રંગબેરંગી લાઈટીંગ વચ્ચે પાણીના પુરતા ફુવારા ઉડતા જોવા મળતાં નાના–નાના ભૂલકાંઓ પણ આનંદીત નઝરાણું જોવા માટે માતા–પિતાને જીદ કરી રહ્યા છે. તો બીજી તરફ હાલમાં ચુંટણી નજીક હોવાના કારણે ઉદાસીન બનેલ નગર પાલિકા એ મતદારોને રીઝવવા માટે ફુવારાને કાર્યરત કર્યો હોવાની ચર્ચાઓ લોક મુખે ચાલી રહી છે.

## શહેરાના બામરોલીના સીમા સુરક્ષા જવાનનું પરેડ દરમ્યાન મૃત્યુ થતાં લશ્કરી સન્માન સાથે વતનમાં અંતિમવિધી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
સીમા સુરક્ષા દળમાં ફરજ બજાવતા શહેરા તાલુકાના ૩૯ વર્ષીય જવાનનું પરેડ દરમિયાન પડી જતા મૃત્યુ થતા જવાનના પરીવરજનો મા ઘેરો શોક છવાયો છે.તેઓની અંતિમવિધિ તેઓના માદરે વતન બામરોલી ખાતે પૂરા લશ્કરી સમ્માન સાથે શુક્રવાર ના રોજ કરવામાં આવશે.

શહેરા તાલુકાના બામરોલી ગામના બરજોડ ફળિયામાં રહેતા રમેશચંદ્ર લક્ષ્મણભાઈ બરજોડ ફકત ૧૮વર્ષની ઉંમરે વર્ષ ૧૯૯૯ મા સીમા સુરક્ષા દળમાં દેશ સેવાની નેમ સાથે જોડાયા હતા. વર્તમાન સમયમાં તેઓ બનાસકાંઠાના દાંતીવાડા ની આર્મી ૩૭ બટાલિયનમાં ફરજ નિભાવતા હતા.એક મહિના પહેલા સામાજિક કામર્થે તેઓ પોતાના ગામ આવ્યા હતા અને બુધવાર તારીખ ૩ ફેબ્રુઆરીના રોજ તેઓની રજા પૂર્ણ થતાં ફરજ પર હાજર થવા સવારે પોતાના ઘરેથી બનાસકાંઠાના દાંતીવાડા ખાતે પહોંચ્યા હતા. જ્યાં રાત્રીના પરેડ દરમિયાન તેઓને અચાનક ચક્કર આવતાં તેઓ ત્યાં જ ફસડાઈ પડ્યા હતા. સાથી જવાનો એ તાત્કાલિક તેઓને સરકારી દવાખાને ખસેડયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત ઘોષિત કર્યા હતા. બનાવની જાણ ઉપરી અધિકારીઓને થતા તેઓ પણ ત્યાં પહોંચ્યા હતા અને મૃતક જવાન રમેશચંદ્રના પરિવારજનોને જાણ કરવામાં આવતાં તેમના ભાઈ અને પરિવારના અન્ય સભ્યો ત્યાં પહોંચતા તેઓની હાજરીમાં પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતું. તેઓના મૃત્યુ બાદ પરિવારમાં તેઓ તેમની પત્ની અને ત્રણ બાળકો ને વિલાપ કરતા મૂકી ગયા છે. મળતી માહિતી પ્રમાણે તેઓનો મૃતદેહ ગુરૂવારની રાત્રીના તેઓના માદરે વતન આવી પહોંચશે અને શુક્રવારના સવારે પૂરાં લશ્કરી સમ્માન સાથે તેઓની અંતિમ વિધિ કરવામાં આવનાર છે.

## મોરવા(હ)ના સંતરોડ પાસેથી પોલીસે સાગી લાકડા ભરેલ ટેમ્પો ઝડપી પાડ્યો



મોરવા(હ),
મોરવા(હ) પોલીસ હાઈવે રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સાગી લાકડા ભરેલ ટેમ્પોને પોલીસે રોકેલ હતો. પોલીસે સાગી લાકડાનો પાસ પરમીટ માંગતા મળી આવેલ ન હતો. જેને લઈ સાગી લાકડા ભરેલ ટેમ્પો ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) પોલીસ સંતરોડ હાઈવે રોડ ઉપર પેટ્રોલીંગ હતી. દરમ્યાન મોરવા(હ) તરફ થી આવતા ટેમ્પો નંબર જીજે.૨૦.ટી.૪૮૩૦ ને રોકેલ હતી. ટેમ્પોમાં સાગી લાકડા ભરેલ હોવાથી પોલીસ દ્વારા સાગલી લાકડાના પાસ પરમીટ માંગવામાં આવી હતી. સાગી લાકડાનો પાસ પરમીટ નહિ મળતા પોલીસે લાકડા ભરેલ ટેમ્પોને મોરવા(હ) વન વિભાગને સોંપવામાં આવ્યો. રેન્જ ફોરેસ્ટ અધિકારી દ્વારા ૩ લાખ રૂપીયાના સાગી લાકડા ભરેલ ટેમ્પોને મુદ્દામાલ સાથે જપ્ત કરીને સાગી લાકડાનો જથ્થો કયાંથી લવાયો હતો અને કયાં લઈ જવાનો હતો. તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

## ગોધરા કોઠી સ્ટીલ પાછળ દડી ટીમ્બર્સ પાસે લાકડાની ગાડી પકડાવી તેમ કહી મારમારતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા કોઠી સ્ટીલ પાછળ રામપુર રોડ દડી ટીમ્બર્સ ખાતે લાકડાની ગાડી અગાઉ પકડાયેલ હતી. આ લાકડાની ગાડી ફરિયાદી એ પકડાવી હોવાનો શક રાખી લાકડાની ગાડી કેમ પકડાવી તેમ કહી કુહાડી મારવા દોડી આવ્યો હતો. દરમ્યાન કુહાડીની ધાર વાગતા સામાન્ય ઈજાઓ થવા પામી હતી. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા કોઠી સ્ટીલ પાછળ રામપુર રોડ દડી ટીમ્બર્સ ખાતે ૩ માર્ચના રોજ મુસ્લીમ સોસાયટીમાં રહેતા હુસેન એહમદ દડી ઉપર લાકડાની ગાડી પકડવાનો શક રાખતા હોય તેવા આરોપી ઈસ્માઈલ યુસુફ ગાજી ઉર્ફે મુર્ગી અને ઈસ્હાક યુસુફ ગાજી, એહમદ ઈસ્માઈલ એ તે મારાભાઈની લાકડાની ગાડી કેમ પકડાવી હતી. તેમ કહી ગાળો આપી કુહાડી લઈને મારવા દોડી આવ્યો હતો. દરમ્યાન કુહાડીની ધાર હુસેન એહમદ દડીને વાગતા સામાન્ય ઈજાઓ થવા પામી હતી. જયારે અન્ય ઈસમો લાકડા વડે મારમારી ઈજાઓ કરી હતી અને હવે લાકડાની ગાડી પકડાવી તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા બી ડીવીઝન પોલીસે રાયોટીંગના ગુના વોન્ટેડ આરોપીઓને ઝડપ્યા

ગોધરા,
ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ દ્વારા રાયોટીંગના ગુનાના બે વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલ રાયોટીંગના ગુનાના બે આરોપી વોન્ટેડ હોય તેવા આરોપી જયદીપ સોલંકી અને વિનોદ ઉર્ફે માઈકલ ચૌહણ જે પાવર હાઉસ ગણેશ બેકરી પાસે ઉભા છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ બન્ને વોન્ટેડ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. બી. ખાંટ
સરપંચ ફળીયુ મુ. ડાંગરીયા, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી આદિવાસી વિકાસ સ.ગ્રા. ભં.લી.
મુ. બીલવાણીયા, તા. મોરવા(હ)